# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-07-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં મહાનગરપાલિકાના 405 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે, શ્રી શાહે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ એક વિશાળ વૃક્ષારોપણ અભિયાન શરૂ કર્યું, જેમાં આજે તેમના લોકસભા મતવિસ્તાર, ગાંધીનગરમાં એક કરોડ 25 લાખથી વધુ છોડનું વાવેતર કરવામાં આવ્યું.

સભાને સંબોધતા, શ્રી શાહે 2029ની ચૂંટણી સુધીમાં મતવિસ્તારના હરિત આવરણને 20 ટકા સુધી વધારવા માટે લાંબા ગાળાના પર્યાવરણીય રોડમેપ પર પ્રકાશ પાડ્યો અને નાગરિકોને સોલાર રૂફટોપ અપનાવવા અનુરોધ કર્યો.

## (BYTE: AMIT SHAH, GREENARY)

મંત્રીએ ભાર મૂક્યો કે વડ, પીપળો, જાંબુ અને અર્જુન જેવી સ્વદેશી પ્રજાતિઓનું વાવેતર શહેરના તાપમાનમાં 5 ટકા ઘટાડો કરવામાં, ઓઝોન સ્તરને મજબૂત બનાવવામાં અને ભાવિ પેઢીઓ માટે રહેવા યોગ્ય વાતાવરણ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે. ‘મિશન ફાઇવ મિલિયન ટ્રી’ અંતર્ગત શહેરમાં હરિયાળી અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપતા હેરિટેજ પાર્ક તેમજ 101 ઓક્સિજન પાર્ક અને અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ

કરતાં તેમણે કહ્યુ કે, આજે અમદાવાદ મહાનગરપાલિકાએ વાતાવરણને સ્વચ્છ બનાવવા માટેનું ભગીરથ કાર્ય કર્યું છે.

(BYTE: AMIT SHAH, OXYGEN PARK)

પર્યાવરણીય પ્રોત્સાહનના ભાગ રૂપે, શ્રી શાહે 101 નવા ઓક્સિજન પાર્કનું ઉદ્ઘાટન કર્યું, અને તેમની વિગતોનું મેપિંગ કરતી સમર્પિત ઇ-બુક બહાર પાડવામાં આવી. જાહેર પરિવહનને મોટો પ્રોત્સાહન આપતા, AMTS અને BRTS કાફલામાં 333 નવી ઇલેક્ટ્રિક બસોનો સમાવેશ કરવામાં આવ્યો, જેનાથી અમદાવાદ BRTS 100% ઇલેક્ટ્રિક, શૂન્ય-પ્રદૂષણ કાફલાનું સંચાલન કરનાર દેશનું પ્રથમ બન્યું.

આવતીકાલે, ગૃહમંત્રી ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે 11મી ઇન્ટરપોલ ડિજિટલ ફોરેન્સિક એક્સપર્ટ ગ્રુપ મીટિંગ અને પ્રથમ આંતરરાષ્ટ્રીય તપાસકર્તા ગુના સ્પર્ધાનું ઉદ્ઘાટન કરવાના છે.

# RAJYPAL-JAMNAGAR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં જામનગરના ચેમ્બર ઓફ કોમર્સ ખાતે ગર્ભ સંસ્કાર - ગર્ભવિજ્ઞાન પ્રશિક્ષણ દીક્ષાંત સમારોહ અને રાષ્ટ્રીય સંગોષ્ઠિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યપાલે  જણાવ્યું હતું કે, ભારતની વૈદિક જ્ઞાન પરંપરા, ઋષિ-મુનિઓનું સંશોધન અને પ્રાચીન શાસ્ત્રો માનવજાતના સર્વાંગી વિકાસ માટેનો અમૂલ્ય વારસો છે. વેદ, ઉપનિષદ, ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત તેમજ અન્ય ગ્રંથોમાં સમાયેલ જ્ઞાન આજે પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રાસંગિક અને માર્ગદર્શક છે. આધુનિક વિજ્ઞાન અને પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાનો સમન્વય કરીને સંશોધન કરવામાં આવે તો સમગ્ર વિશ્વને નવી દિશા મળી શકે તેમ છે.

# MEHSANA GI TAG

મહેસાણાના પ્રખ્યાત ઊંઝાના જીરુંને ભૌગોલિક સંકેત GI ટેગ મળ્યો છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે ઊંઝા માટે આ ઐતિહાસિક ગૌરવ છે કે ભારત સરકારની GI નોંધણી સંસ્થા દ્વારા ઊંઝાના જીરુંને સત્તાવાર GI ટેગ એનાયત કરાયો છે. ઊંઝાના ખેડૂતો, વેપારીઓ અને કૃષિ ક્ષેત્ર માટે આ ઐતિહાસિક સિદ્ધિ છે. જેનાથી હવે વિશ્વભરમાં ઊંઝાનું જીરું "ઊંઝા જીરા" નામથી આગવી ઓળખ મેળવશે.

# VISNAGAR-CAMP

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલ અને લોકસભા સાંસદ હરિ પટેલની ઉપસ્થિતિમાં નિ:શુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાઈ ગયો. કેમ્પમાં 323 લાભાર્થીઓને આશરે 48 લાખથી વધુ કિંમતના વિવિધ સાધનો વિતરણ કરવામાં આવ્યા. આ પ્રસંગે ઉર્જા મંત્રીએ જણાવ્યું કે સાધન સહાય વિતરણ કેમ્પ જેવા કાર્યક્રમ થકી પ્રજાના ટેક્સનો પૈસો ખરા અર્થમાં ગરીબ, વંચિત અને છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યો છે- લોકસભા સાંસદ હરિ પટેલે જણાવ્યું કે કેમ્પમાં સાધનો મેળવ્યા બાદ દિવ્યાંગોના ચહેરા પર આવતી ખુશાલી અને હાસ્ય જ આ સેવાના મહાયજ્ઞના સાચા આશીર્વાદ છે.

# MORBI-ACCIDENT

મોરબી-માળિયા હાઈવે પર વીરવિદરકા પાટિયા પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં એક ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. જ્યારે અન્ય એક ટ્રક ડ્રાઈવરને બહાર કાઢી 108 મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત બાદ એક ટ્રકમાં ભીષણ આગ લાગી ગઈ હતી. મોરબી ફાયર ટીમે સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.

# DANG- TERA FESTIVAL

ડાંગ જિલ્લામાં તેરા પર્વ ઉજવાઈ રહ્યો છે. અખાત્રીજના બે મહિના પછી આવતો તેરા પર્વ ડાંગ જિલ્લાના આદિવાસીઓ માટે નો પ્રિય તહેવાર ગણવામાં આવે છે આની વિશેષતા એ છે કે ચોમાસાની શરૂઆતના પ્રથમ વરસાદ પડી ગયા પછી જંગલ માં આળુ નામના કંદને લીલા રંગના સુંદર પાન આવે છે અને પાંદડાં ઉપર આવતા જ તેને તોડી લેવામાં આવે છે આ પાનને નેવ (નેવેદ્ય) માનવામાં આવે છે. આળુ ના પાન નું શાક બનાવી પોતાના  ઇષ્ટ દેવ ને ધરાવે છે.